
**પર્સ સ્નેચર સે-૭માંથી ચાલુ વાહને એક મહિલાનું પર્સ ખેંચી ગયો**



# શહેરમાં ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા

ગાંધીનગર, તા.૮

ભગવાન પરશુરામની જન્મજયંતિ નિમિતે ગાંધીનગર બ્રહ્મસમાજ યુવા પાંખ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૧૬ ખાતે આવેલ સોમનાથ મહાદેવ મંદિર ખાતેથી સવારે ૯ કલાકે શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યુ હતુ. શહેરના વિવિધ માર્ગો પર શોભાયાત્રા ફરી હતી જયાં ઠેરઠેર ભકતો દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શહેરના માર્ગો જય પરશુરામ જય પરશુરામના નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, કોંગ્રેસના મહામંત્રી નિશિત વ્યાસ, કોર્પોરેટર હિરલબેન જોષી, પ્રિતીબેન દવે સહિત સમાજના ભાઈ-બહેનો અને યુવાનો હાજર રહ્યા હતા.





(તસવીર : કશ્યપ નિમાવત)



ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬ ખાતે આવેલ સોમનાથ મહાદેવ મંદિર ખાતેથી સવારે ૯ કલાકે ભગવાન પરશુરામની પૂજા આરતી કરીને શોભાયાત્રા વાજતે ગાજતે ડી.જે ના તાલે નીકળી હતી. ખુલ્લી જીપમાં બ્રહ્મ યુવક ભગવાન પરશુરામની વેશભુષામાં હાથમાં ફરસી સાથે જયારે બ્રહ્મસમાજના યુવાનો સાફાથી સજ્જ બાઈક લઈ આગળ શોભાયાત્રામાં જોડાયા હતા. સોમનાથ મહાદેવ મંદિર ખાતેથી ઘ રોડ થઈ શોભાયાત્રા સેક્ટર-૨૨ ખાતે પંચદેવ મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી. જયાં મંદિરના ફુલશંકર શાસ્ત્રીજીએ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરીને ભગવાન પરશુરામની આરતી ઉતારી હતી. ત્યાંથી આગળ વધતા શોભાયાત્રા ચ-૬ વૈજનાથ મંદિર, ત-૬, ઘ-૬, સેક્ટર-૨૪ના આંતરીક માર્ગો પર થઈને સેક્ટર-૨૭માં બ્રહ્મ સમાજના સુનિલ ત્રિવેદી, બરખાબેન જહાએ યાત્રાનું સ્વાગત કરીને આરતી ઉતારી હતી. શોભાયાત્રાના ભકતોને છાશ અને શરબતનું વિતરણ કરાયું હતું. જયાંથી આગળ વધતા નગરના માર્ગો પર થઈને સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર થઈને સેક્ટર-૩માં પ્રવેશી હતી જયાં સેક્ટર-૬ સ્થિત ભુવનેશ્વર મંદિર ટ્રસ્ટ વતી સંદિપ જોષી દ્વારા ફુલોની પાખડીઓ તેમજ કોર્પોરેટર હિરલ જોષી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ શોભાયાત્રામાં સામેલ ભકતો માટે છાશ તેમજ શરબતનું વિતરણ કરાયું હતું. વધુમાં ત્યારબાદ સેક્ટર-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ આશિષભાઈ દવે દ્વારા ભવ્ય સ્વાગત ત્યાંથી આગળ વધતા સે-૮ ત્રંયબકેશ્વર મંદિર થઈને ચ-રોડ થઈ આગળ વધતા સે.૧૭ હનુમાનજી મંદિર થઈને સે-૧૬ સોમનાથ મંદિર શોભાયાત્રા પરત ફરી હતી. શોભાયાત્રા ડીજે સંગીતના સથવારે સુંદર ભકિતમય ગીત તેમજ નગરના માર્ગો પર જય પરશુરામ ના નારા લગાવતા સમગ્ર શહેરનું વાતાવરણ ભકિતમય બની ગયું હતું. શોભાયાત્રામાં ૧૦૦થી વધુ યુવાનો બુલેટ અને બાઈક સાથે જયારે અન્ય ભકતો કાર સાથે જોડાયા હતા. સમગ્ર શોભાયાત્રાનું સુંદર સંચાલન શોભાયાત્રા કન્વીનર જીગર ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૪૨ પર પહોંચતાં લોકોએ ઘરમાં જ રહેવાનું વધુ પસંદ કર્યું હતું.
- ગાંધીનગર મહાનગર પાલિકાના નવા વરાયેલા પદાધિકારીઓ મેયર, ડે. મેયર અને ચેરમેન સ્ટેન્ડીંગ કમિટી અક્ષરધામ મંદિર જઈ સંતો-મહંતોના આશિષ મેળવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી કીડીઓ મોટી સંખ્યામાં જોવા મળી રહી છે.
- સચિવાલય સંકુલમાં મૂષક રાજા (ઉંદર) બહુ જોવા મળી રહ્યા છે તેમજ રેકર્ડ અને ફાઈલોને પણ નુકશાન પહોંચાડ્યાની વાતોથી અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં શાકભાજીના ભાવ અને દાળના ભાવ ઉચકાંતા મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બેઉને માટે ગીફ્ટ લાવી છું. મમ્મીને મધર્સ ડેની અને પપ્પાને વર્લ્ડ ડોન્કી ડેની...! આજે બેઉ દિવસ સાથે આવ્યા છે...!!

# દહેગામ પંથકમાં તરખાટ મચાવનાર રીઢા ઘરફોડીયા ઝડપાયા

## દહેગામ, ડભોડા, રખીયાલ આસપાસ છ મહિનામાં દશેક ગુના આચરનાર ચાર શખ્સોની ૨.૨૬ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ : બે બેન્કોમાં ચોરીની કોશીષ પણ કરી હોવાનું ખુલ્યુ : એલીસીબીની સફળતા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ પંથકમાં છેલ્લા છ માસથી તરખાટ મચાવતી ઘરફોડ ગેંગ ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગઈ છે. દહેગામ, રખીયાલ, ડભોડા વિસ્તારમાં દશેક ગુનાઓ ઉપરાંત બે બેંકોમાં ચોરીના પ્રયાસના ગુના પણ આચર્યા હોવાની સનસની કબુલાત કરતા ચાર શખ્સોની રૂ. ૨.૨૬ લાખના મુદ્દામાલ સાથે એલસીબીની ટીમે ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ દહેગામ પંથકમાં ઘરફોડ કરતી ગેંગ પકડવા કામે લાગી હતી. દરમ્યાન પી.એસ.આઈ. એચ.કે. સોલંકી તથા તેમની ટીમે બાતમીને આધારે બે મારૂતી ફ્રંટી ગાડીમાં અમરાજીના મુવાડા, સધી માતાના મંદિર નજીક ઉભેલા ચાર શકમંદો પકડ્યા હતા. દહેગામના પાલુન્દ્રાના ચૌહાણ વિષ્ણુ રામસિંહ, ફીરોજપુરના મહેશ બાબુજી જાદવ, પાલુન્દ્રાના રાઠોડ કાળુ તખતસિંહ અને કઠલાલના રાઠોડ રણજીત ફુલસિંહને પકડી અંગજડતી કરતા રોકડ રૂ. ૭૦,૬૦૦ મળી આવ્યા હતા. સઘન પુછપરછ કરતા ઘરે સંતાડી રાખેલા એલસીડી ટીવી, ૪ મોનીટર, ૪ કોમ્પ્યુટર સીપીયુ, હોમ થીયેટર, સ્પીકર, ઈમીટેશન જવેલરી, ૮ મોબાઈલ, એમ્પ્લીફાયર સહિતનો ચોરીનો મુદ્દામાલ મળી આવ્યો હતો. ઉપરોક્ત તમામ સામાન તથા બે ફ્ન્ટી આ ગેંગે મળીને છ મહિનામાં અલગ-અલગ વિસ્તારમાંથી ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. દહેગામની બેંક ઓફ બરોડા તથા બેંક ઓફ ઈન્ડિયામાં પણ ચોરીની કોશીષ કરી હોવાનું અને છ મહિનામાં દશેક ગુના આચર્યા હોવાનું ગેંગના મુખ્ય સૂત્રધારે જણાવ્યું છે. એલસીબી ટીમે ચારેયની કુલ રૂ. ૨,૨૬,૧૬૦ની કિંમતના ચોરીના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.



# પર્સ સ્નેચર સે-૭માંથી ચાલુ વાહને એક મહિલાનું પર્સ ખેંચી ગયો

## ૨૦ હજાર રોકડા તથા ૧૩ હજારનો મોબાઈલ પર્સમાં હતો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં ચેઈન સ્નેચર્સનો આતંક માંડ હળવો થયો છે ત્યારે હવે પર્સ સ્નેચર્સ સક્રિય થયા છે. થોડા દિવસો અગાઉ સે-૫માં ચાલુ વાહને મહિલાના પર્સને ઝુંટવીને એકટીવા પર આવેલો શખ્સ ભાગી ગયો હતો ત્યારે ગઈ કાલે આવો જ કિસ્સો સે-૭માં બનવા પામ્યો હતો. જયુપીટર (મોપેડ) લઈને જતી મહિલાને ટાર્ગેટ બનાવીને એકટીવા પર પાછળથી આવેલો શખ્સ ચાલુ વાહને મહિલાનું પર્સ ખેંચી પલાયન થઈ ગયો હતો. પર્સમાં રૂ. ૨૦ હજાર રોકડા તથા મોબાઈલ સહિતનો કિંમતી સામાન હતો મહિલાની ફરિયાદ લઈ સે-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

સરગાસણ પ્રમુખનગર વિસ્તારમાં રહેતા ખેવનાબને સૌમીલકુમાર વસાવડા ગઈ કાલે પોતાનું જયુપીટર (મોપેડ) નં. જીજે ૧૮ સી.કે. ૭૫૨૭ લઈને સે-૭ શાકમાર્કેટથી સે-૭માં સ્થિત વસાવડા પ્રી સ્કુલ તરફ જઈ રહ્યા હતા તેમના જયુપીટરની સાઈડમાં પોતાનું બ્લ્યુ પર્સ લટકાવેલું હતું. આ જયુપીટર પર જતા ખેવનાબેનને ટાર્ગેટ બનાવી પાછળથી એકટીવા પર એક શખ્સ આવ્યો અને બ્લ્યુ પર્સ ખેંચીને પળવારમાં જ છુમંતર થઈ ગયો હતો. પર્સમાં રૂ. ૨૦ હજાર રોકડા તથા ૧૩ હજારની કિંમતનો એક મોબાઈલ અને ડ્રાઈવીંગ લાયસન્સ સહિતના દસ્તાવેજો હતા. સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પીએસઆઈ ચૌધરીએ ગુનો નોંધી ઉંડી તપાસ શરૂ કરી છે.

# પૂર્વ મેયરે જનતાનો આભાર માન્યો

ગાંધીનગરના પ્રથમ મહીલા મેયર હંસાબેન મોદીના જણાવ્યા મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બાબત હું હર હંમેશ માટે સ્મરણમાં રાખીશ. એક નાના અદના કાર્યકર તરીકે ખાડીયા અમદાવાદથી રાજકીય કારકીર્દીની શરૂઆત કરી હતી. આજે પણ એજ ઉત્સાહ અને એજ ધગશથી કાર્યરત છું. માત્ર જવાબદારી નિભાવવા માટે ઉચ્ચ પદ ઉપર ચુંટાયા બદલ ભાજપ મોવડી મંડળના અગ્રણીઓ, ભાજપ શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેશનના તમામ કાઉન્સિલરશ્રીઓ, પાર્ટીના કાર્યકર્તાઓ અને ગાંધીનગર મહાનગરની તમામ જનતાનો સાથ સહકાર મળ્યો આ બદલ તેમણે આભારની લાગણી પણ વ્યકત કરી છે.

# હવે ટ્રાન્સફર પાર્ટ-૨ 'પ્રાઈમ પોસ્ટીંગ' મેળવવા સચિવાલયમાં સિનિયર IASનું જોરદાર લોબિંગ

વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે સચિવાલયમાં હાલ ટ્રાન્સફર પાર્ટ-૨ માટે સિનિયર આઈએએસ અધિકારીઓ વચ્ચે જોરદાર લોબિંગ થઈ રહ્યું છે. પ્રાઈમ પોસ્ટીંગ મેળવવા પડાપડી થાય છે. વફાદારોની આખી ટીમ કામે લાગી ચૂકી છે. જિલ્લા કલેક્ટરો અને ડીડીઓની સામૂહિક બદલીઓ થયા પછી હવે સચિવાલય અને બોર્ડ-કોપીરેશનના સિનિયર આઈએએસ અધિકારીઓની બદલી તોળાઈ રહી છે. ૩૦ થી વધુ સિનિયર આઈએએસ ઓફિસરો બદલાય તેવી સંભાવના છે જેમાં મ્યુનિસિપલ કોપીરેશનના કમિશનરોનો પણ સમાવેશ થાય છે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ તેમની કેબિનેટનું વિસ્તરણ હાથ પર લઈ શકે છે. ગુજરાતના જિલ્લાકક્ષાના વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો કર્યા છે. કેટલાક માનિતા અધિકારીઓને પ્રાઈમ પોસ્ટીંગ અપાયું છે તો કેટલાક મોદીના વફાદાર ઓફિસરોને ફેંકી દેવામાં આવ્યા છે. હવે સચિવાલયના સિનિયર મોસ્ટ વિભાગોના આઈએએસ ઓફિસરો ઉપર આનંદીબહેનની તલવાર ચાલશે. ગુજરાતના હોમ, મહેસૂલ, શહેરી વિકાસ, આરોગ્ય, પંચાયત, ઉદ્યોગ, નાણા અને તેના જેવા મહત્વના વિભાગોમાં વિધાનસભાની ચૂંટણી સુધી નહીં બદલાય તેવા ઓફિસરોને મૂકવામાં આવી શકે છે. આનંદીબહેન પટેલને ઓફિસરોની બદલીઓ સાથે મંત્રીમંડળના વિસ્તરણની પણ ફરજ પાડવામાં આવી છે.

**● ઓમ વિલ બેક- વધુ એકવાર એન્ટ્રી થશે...**

ગુજરાત ભાજપમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ચૂકી છે અને ઓમ માથુરની એન્ટ્રી પડી રહી છે. આ એક એવા નેતા છે કે જેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની નજીક માનવામાં આવે છે. ઓમમાથુર એ રાજસ્થાન ભાજપના નેતા છે. તેઓએ ગુજરાતમાં ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ગુજરાત ભાજપના કાર્યકરો એ તેમનો બેઝ છે. તેઓ ગુજરાતના પ્રભારી પણ રહી ચૂક્યા છે. હાલ તેઓ અમિત શાહની સૌથી વધુ નજીક માનવામાં આવે છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં જુલાઈ ૨૦૧૭માં રાજ્યસભાની ત્રણ બેઠકો ખાલી પડી રહી છે ત્યારે ઓમ માથુરને ગુજરાતમાંથી રાજ્યસભામાં લઈ જવાની વાતો ચાલી રહી છે. અમિત શાહે તેમને વચન આપ્યું છે કે તેમણે ગુજરાતમાંથી રાજ્યસભામાં લઈ જવાશે. દિલીપ પંડ્યાની બેઠક પર તેમને લઈ જવાનો પ્લાન છે. ઓમ માથુર છેલ્લા દિવસોમાં ગુજરાતની અનેકવાર મુલાકાતો લઈ ચૂક્યાં છે અને હવે તેમની મુલાકાતો વધી શકે છે.

## ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**● હવે નમો નહીં એ-ફોર અમિતભાઇ બોલો...**

ગુજરાત વિધાનસભાની ટીકીટ જોઈતી હોય તો હવે નરેન્દ્ર મોદીનું ટૂંકું નામ નમો બોલવાની જરૂર નહીં પડે, હવે ઉમેદવાર બનવા માગતા નેતાએ એ-ફોર અમિત શાહ બોલવું પડશે, કારણ કે અમિત શાહ એ ભાજપના સર્વેસર્વા છે. અત્યાર સુધીમાં ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતના ૧૮૨ ઉમેદવારો નરેન્દ્ર મોદીએ નક્કી કર્યા છે. હવે આ જવાબદારી અમિત શાહના માથે આવી છે. જો કે ફાઈલન યાદી ઉપર મહોર તો એકમાત્ર નરેન્દ્ર મોદી જ મારી શકશે. આ વખતે કેટલાય ચહેરા કપાઈ જશે, જેમાં આનંદીબહેનના સમર્થક હશે તેઓ અમિત શાહના રડાર પર છે. પાટીના સૂત્રોએ જણાવ્યું છે કે ત્રણ કે તેથી વધુ ટર્મથી ધારાસભ્યપદ પર રહેલા નેતાઓને ફરીથી ટીકીટ મળી શકે તેમ નથી, કારણ કે ભાજપના પરિમાણમાં એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર ઉમેરાયું છે, જે પાટીની જીત માટે ખતરારૂપ લાગી રહ્યું છે.

## શ્રી-K- ઓલ ઈઝ વેલ : કેજરીવાલ, હાર્દિક અને હવે કનૈયાકુમાર

**● ભાજપના છ ચહેરા CM ની લાઇનમાં ...**

ગુજરાતમાં ૨૦૧૭માં નવા ચીફ મિનિસ્ટર કોણ હશે તેની ચર્ચા બન્ને પાટીમાં શરૂ થઈ ચૂકી છે. ભાજપ કે કોંગ્રેસમાં આ પદના દાવેદાર કોણ છે તે પાટીના કાર્યકરો માટે ઉત્સાહનો વિષય બન્યો છે. હાલના મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના શબ્દોમાં વજન હશે તો તેઓ ૨૦૧૭માં ચીફ મિનિસ્ટરની રેસમાંથી ખસી જવા માગે છે. તેમણે ખુદ કહ્યું છે કે ૭૫ થયા હવે ૮૦ કરવા નથી, નવા નેતાને તક આપવી છે, એટલે ભાજપમાં ટોચક્રમે પાટીના હાલના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આવે છે. બીજાક્રમે સૌરભ પટેલ અને ત્રીજાક્રમે નિતીન પટેલનું નામ વહેતુ થયું છે. ભાજપના યુવા નેતાઓમાં શંકર ચૌધરીનું નામ પણ અગ્ર હરોળમાં છે. બિન ધારાસભ્ય તરીકે પુરૂષોત્તમ રૂપાલાની ગણતરી પણ કરવામાં આવે છે.

## એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર બે થી વધુ ટર્મના MLAની ટીકીટ કાપશે

**● કોંગ્રેસમાં છ નેતાઓને CM ના સપનાં આવે છે...**

જો પાટીમાં આંતરિક અસંતોષ બંધ થાય, ટાંટીયાખેંચ અને ભાજપમાં વેચાઈ જવાની માનસિકતા દૂર થાય તો કોંગ્રેસના વિજયની ઉજળી તકો રહેલી છે, કારણ કે કોંગ્રેસ એ ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી સત્તામાં નથી. પાંચ વર્ષ લડતા નેતાઓ ચૂંટણી સમયે એકજૂથ બનીને કામ કરે તો ચીફ મિનિસ્ટરના સપનાં જોતાં નેતાઓને સિંહાસન મળી શકે છે. કોંગ્રેસમાં શક્તિસિંહ ગોહિલ, શંકરસિંહ વાઘેલા, અર્જુન મોઢવાડિયા, ભરતસિંહ સોલંકી અને તુષાર ચૌધરી મુખ્ય દાવેદાર માનવામાં આવે છે. જો કે હજી ચૂંટણીને દોઢ વર્ષની વાર છે ત્યારે કોંગ્રેસે તેનું સંગઠનનું ઘર મજબૂત બનાવીને યુવાનો તેમજ મહિલાઓની ભરતી કરવી પડે તેમ છે. પાટીનું સૂકાન યુવાન નેતાને સોંપવામાં આવે તો ચમત્કાર થઈ શકે છે.

## કૌન બનેગા મુખ્યમંત્રી : ભાજપના છ સામે કોંગ્રેસના છ મુરતિયા

**● કહાં ગયે વો લોગ... કોંગ્રેસનો ભવ્ય ભૂતકાળ...**

ગુજરાત કોંગ્રેસની હાલત ગુજરાતમાં મૃતપ્રાય બની ચૂકી છે. ગુજરાતની સાડા છ કરોડની જનતાને પ્રિય એવા કોઈ ચાર્મિંગ નેતાનો કોંગ્રેસમાં દુકાળ પડ્યો છે. માધવસિંહ સોલંકી, ચીનમભાઈ પટેલ, અમરસિંહ ચૌધરી અને પ્રબોધ રાવળ જેવા બીજા નેતાઓ પાટીમાં પેદા થયા નથી, પરિણામે હાલની સત્તાધારી ભાજપની સરકાર કોંગ્રેસને રોજ પાણી વિના ધુએ છે. એક સમય હતો કોંગ્રેસ પાસે દિગ્ગજ નેતાઓની ફોજ હતી. શંકરસિંહ વાઘેલા હાલ કોંગ્રેસમાં છે પરંતુ તેઓ નખ અને દાંત વિનાના સિંહ છે. તજ-જોડના અખંડ ખેલાડી શંકરસિંહને તેમનું ધાર્યું કરવાની છૂટ કોંગ્રેસમાં મળતી નથી. કોંગ્રેસમાં ભળીને તેઓ ઓરમાન રહ્યાં છે. કોંગ્રેસમાં પટેલ પાવર ખલાસ થઈ ગયો છે. માધવસિંહ સોલંકીની ખામ થિયરી પણ કોંગ્રેસ પાસે રહી નથી. પાટીદાર અનામત આંદોલનને ટેકલ કરવામાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓ ગોથાં ખાય છે. ગુમાવેલી વોટબેન્ક પાછી મેળવવાના પ્રયાસો કરવામાં આવતા નથી અને પ્રદેશના નેતાઓ આપસમાં હોદ્દા મેળવવા માટે ઝઘડે છે જેનો સીધો લાભ ભાજપને મળે છે.

**● કોની વાટ લાગશે ! : "ઓલ ઇઝ વેલ" ત્રિપુટી...**

ભારતના રાજકારણમાં એક નવો જ વળાંક આવી રહ્યો છે. મોદીએ જ કહ્યું હતું કે દેશના યુવા ધને રાજકારણમાં આગળ આવવું જોઈએ- આજે અક્ષરસહ તેનું પાલન થઈ રહ્યું છે. આખો દેશ યુવાન નેતાઓને ઝંખી રહ્યો છે. ભારત દેશ એક એવો છે કે જ્યાં ૩૫ વર્ષની ઉંમરની ૬૫ ટકા યુવા વસતી છે. ડો. અબ્દુલ કલામે કહ્યું છે કે- ઉભરતા યુવાનો જો દેશની કમાન હાથ પર લેશે તો એક નવી જ દિશામાં દેશની ઉન્નતિ થઈ શકે છે. ભારત વિશ્વગુરૂ બની શકે છે. દેશના યુવાનને ભ્રષ્ટાચારથી સૂગ છે. ખોટું ચલાવી લેતો નથી. કામ કરવાની જીદ છે. પેશન છે. માર્ગમાંથી પાછા હટવામાં માનતો નથી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાટીમાં મોટાભાગના યુવાનો છે. મોદી માટે જોખમરૂપ બનેલા અરવિંદ કેજરીવાલ એકલા નથી. ગુજરાતમાં હાર્દિક પટેલ ગુજરાત સરકાર ને જ નહીં ભારત સરકારને પરેશાન કરે છે. હવે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના લિડર કનૈયાકુમારે જામીન પર છૂટીને એનડીએ સરકારની નિંદ હરામ કરી દીધી છે. આ ત્રણ ઓલ ઈઝ વેલની ત્રિપુટીનું સ્કાયલેબ કોની ઉપર તૂટશે તે નિશ્ચિત નથી, પરંતુ હાલ તો રોલ બેકના મૂડમાં આવેલી કેન્દ્ર સરકાર પર આફતના ઓળાં દેખાઈ રહ્યાં છે. જામીન પર છૂટીને કનૈયાકુમારે આપેલા ભાષણની દેશના યુવાનો પર ગંભીર અસર થઈ છે, પરંતુ સવાલ અહીં એ થાય છે કે દેશના યુવાનોમાં રાજકારણ પ્રત્યે તિરસ્કાર તો છે જ પરંતુ તે ત્યારે દૂર થશે જ્યારે યુવાનો ખુદ રાજકારણમાં ઝંપલાવશે. દિશા બદલાઈ છે. દિલ્હીમાં કેજરીવાલ પછી ગુજરાતમાં હાર્દિક પટેલ અને તેના પાટીદાર યુવા સાથીઓ અને હવે ટર્નિંગ ટુ નવી દિલ્હી.. આ કનૈયાકુમાર જ્યારે દેશભરમાં ભ્રમણ કરશે ત્યારે તે કેટલાય યુવાનોના વિચારોને બદલી નાંખવાની તે ક્ષમતા ધરાવે છે. જો કે તે હાર્દિક જેવો અપરિપક્વ નથી.